જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૧/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૧૭૯	૩	૧૧૧૮૨	૧૭૩૧૦	૩	૧૭૩૧૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૫	૦	૬૫	૨૬૬	૦	૨૬૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૪૭૩	૪૬	૨૮૫૧૯	૨૯૬૯૪	૪૭	૨૯૭૪૧
કુલ		૪૪૪૧૯	૪૯	૪૪૪૬૮	૫૩૪૯૫	૫૦	૫૩૫૪૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૨	૯,૭૧,૯૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૬૭	૧૩,૬૭,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઈસનપુર પોલીસ સ્ટેશન

ચોરીની ઓટો રીક્ષા સાથે આરોપીને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો વાહન ચોરીનો ગુનો ડિટેક્ટ કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૨૨/૦૧/૨૦૨૧ ના કલાક ૨૦/૦૦ વાગે મિલ્લતનગર ઢાળ પાસેથી અ.પો.કો વિજયસિહ બાબુભાઇ તથા અ.પો.કો અમિતકુમાર દાનાભાઇ તથા અ.હે.કો જાકીરખાન મેહબુબખાનનાઓની સયુક્ત બાતમીથી આરોપી ઇરફાન ઉર્ફે ભીંડી નિયાઝુદીન શેખરહિમ ઉ.વ ૨૪ રહે ફઝલ કિરાણા સ્ટોરની બાજુમા નવાબ ચોક નવાબનગરના છાપરા ચડોળા તળાવ ઇસનપુર અમદાવાદ શહેરનાને ચોરીમા ગયેલ ઓટો રીક્ષા નંબર.-GJ-27-W-5325 એન્જીન નં-AZZWGH 86489 તથા ચેસીસ નં-MD2A27GWH76425 કિંમત રૂપિયા-૬૦,૦૦૦/-સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૧૦૨૫૯/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા.૨૩/૦૧/૨૦૨૧



ગાયકવાડ પોલીસ સ્ટેશન

ચોરીના વાહન સાથે એક આરોપીને પકડી લઇ બે વર્ષ અગાઉ નવરંગપુરા પો.સ્ટે ખાતે દાખલ થયેલ ગુન્હો શોધી કાઢતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કવોડ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીઝન નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સુચના મળેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી તથા પો.ઇન્સ આર.આર.બંસલ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સર્વેલન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો દિપેશ વાલજીભાઇ બ.નં.૫૭૩૨ તથા અ.પો.કો પંકજકુમાર આત્મારામ બ.નં.૪૧૭૮ નાઓને મળેલ સંયુકત બતામી હકિકત આધારે જમાલપુર ખાનજહાન દરવાજા પાસે વોચમાં રહી એક ઇસમ નામે સમીર ઉર્ફે નાની સ/ઓ મુન્સીભાઇ નીલગર ઉ.વ.૨૨ ધંધો.રી.ડ્રા રહે. મ.નં.૨૫ નુરનગર બાપુની ઓફીસ સામે સોઢન તલાવડી ઠાકોરવાસ દાણીલીમડા અમદાવાદ શહેર નાઓ પાસેથી એક એક્ટીવા જેનો R.T.O નં-GJ-27-P-6931 જેનો એંજીન નં-JF50E80218262 તથા ચેચીસ નં-ME4JF501DD8219096 ની જેની આશરે કિ.રૂ.૧૨૦૦૦/- ની મતાની કબ્જે કરી સદરી એક્ટીવા ચોરી થવા બાબતે નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.ફસ્ટ.૧૫/૨૦૧૯ ધી.ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ ગુન્હો દાખલ થયેલ બે વર્ષ અગાઉનો ગુન્હો શોધી લઇ સદરી ઇસમને સી.આર.પી.સી કલમ-૪૧(૧)(ડી) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે સોપવામાં આવેલ છે.





જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

ક્રિકેટ સટ્ટાનો કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય જે બાબતે પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબનાઓએ સુચના કરતા તેઓના માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા સર્વેલન્સ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા દરમ્યાનમા તા ૨૩/૦૧/૨૦૨૧ ના કલાક ૧૩/૦૦ વાગે અ.પો.કોન્સ દેવેન્દ્રસિહ વેલુભા તથા લોકરક્ષક મહાવીરસિહ સિધ્ધરાજસિહ નાઓને સયુક્ત બાતમી મળેલ કે કોન્ફી હોટલની પાછળ ડી/૫ સીધનાથ એપાર્ટમેન્ટ ઘોડાસર અમદાવાદ શહેર ખુશી પાર્લર નામની દુકાનમા ગીરીશ મહાદેવભાઇ સાજીરા તથા નીશીત બાલકુષ્ણભાઇ શાહ બન્ને ભેગા મળી સદર દુકાનમા હાલમા ચાલી રહેલ બીગ બેસ લીગ ૨૦-૨૦ ક્રિકેટ મેચની મેલબોર્ન સ્ટાર્સ અને પર્થ સ્કોચર્સ વચ્ચે ચાલતી ૨૦-૨૦ મેચ ઉપર ટી.વી સામે બેસી પોતાની પાસેના મોબાઇલ ફોનમા આઇ.ડી દ્વારા ક્રિકેટ સટ્ટા બેટીગની હારજીતની પ્રવુતિ કરે છે જે હકિકત આધારે તા ૨૩/૦૧/૨૦૨૧ ના કલાક ૧૬/૩૦ વાગે સદરી જગ્યાએ ક્રિકેટ સટ્ટા અંગે રેઇડ કરી આરોપી ગીરીશ મહાદેવભાઇ સાજીરા ઉ.વ ૪૩ રહે ૩૫,૩૬ અંબીકા ટેનામેન્ટ ઇસનપુર બસ સ્ટેન્ડ બાજુમા ઇસનપુર અમદાવાદ શહેર તથા નીશીત બાલકુષ્ણ શાહ ઉ.વ ૪૧ રહે મ.ન ૩ આનંદ સોસાયટી જયમાલા ચાર રસ્તા પાસે ઘોડાસર અમદાવાદ શહેરનાઓને ક્રિકેટ ઉપર સટ્ટો રમતા રોકડા રોકડા નાણા રૂપિયા ૧૫૬૦/-તથા મોબાઇલ ફોન નંગ-૨ કુલ કિંમત રૂપિયા ૪૦૦૦/-ના તથા ટી.વી નંગ-૧ કિંમત રૂપિયા ૬,૦૦૦/-તથા સેટઅપ બોક્ષ નંગ-૧ કિંમત રૂપિયા ૫૦૦/-તથા રીમોટ નંગ-૨ કિંમત રૂપિયા ૩૦૦/- લાઇટબીલ નંગ-૧ કિંમત રૂપિયા ૦૦/૦૦ ના મળી કુલ રૂપિયા ૧૨,૩૬૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી ઇસનપુર પો.સ્ટેશન ગુના નં પાર્ટ-B-૧૧૧૯૧૦૨૨૨૧૦૨૬૭/૨૦૨૧ જુગારધારા કલમ ૪,૫ મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામા આવેલ છે તા.૨૪/૦૧/૨૦૨૧

પાસા અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

ચોરીના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) વેજલપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૮૨૦૧૯૦૪/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૦૧૧૮/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૮૦, ૧૧૪ મુજબ (૩) કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૦૬૮/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુના દાખલ થયેલ જે આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૩૩/૨૦૨૧ તા-૨૩/૦૧/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૩/૦૧/૨૦૨૧ ના કલાક-૨૨/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી જીલ્લા જેલ પાલનપુર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૩/૦૧/૨૦૨૧

આરોપીનુ નામ -

"કમલેશ ઉર્ફે રાજુ ઉર્ફે રાજા થાવરભાઇ રંગવાણી (સીંધી) ઉ.વ.૪૮ રહેવાસી: ઇ/૭૮/૧૦૩, સ્વામીનારાયણ પાર્ક, હરીદર્શન ચોકડી, નવા નરોડા, અમદાવાદ શહેર મુળ રહે:એ/૧ સોમનાથ કોમ્પલેક્ષ, સુતર કારખાના રોડ, નરોડા, અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૬૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫,૮૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૫૫/૨૦૨૧**

ઓઢવઃ ધવલ ધનાભાઇ પ્રજાપતી (રહે.રત્નમાલા રો-હાઉસ સોસાયટી મીરાબાઇ સર્કલ પાસે ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૧/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૨૩/૦૧/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ રબારી વસાહત રણછોડજીના મંદિરની બાજુમાં અર્બન હેલ્થ સેન્ટર સામે આવેલ પોતાની "પ્રજાપતિ એન્ટરપ્રાઇઝ" નામની દુકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી દુકાનમાંથી અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૩ અને રોકડ રૂપિયા ૨૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૧૫૬/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ હરેશભાઇ બીજલભાઇ પરમાર (ઉ.વ.૪૫)(રહે.નર્મદા આવાસ, પકવાન ચાર રસ્તા પાસે સિંધુભવન વસ્ત્રાપુર) એ તા.૨૩/૦૧/૨૦૨૧ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૨૧ કલાક ૧૨/૩૦ થી તા.૨૩/૦૧/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાંથી રોકડ રૂપિયા ૧,૭૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.રબારી ચલાવે છે.

વાહન ચોરી :- **સમાચાર યાદી નં.૧૫૭/૨૦૨૧**

નારણપુરાઃ વિજયભાઈ પ્રવિણભાઈ યાદવ (રહે.વિજયનગર હાઉસીંગ બોર્ડના ફ્લેટ નારણપુરા) એ તા.૨૨/૦૧/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગે ઘર નજીક પોતાની ઈકો ગાડી નંબર જીજે ૦૧.આરએચ ૨૦૦૨ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૩/૦૧/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ વિજયભાઇ યાદવે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભરતસિહ હિમ્મતસિહ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૫૮/૨૦૨૧**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૧) ભાવેશભાઈ શંકરલાલ અગ્રવાલ (ઉ.વ.૩૭) (રહે.ઉમંગ ફ્લેટ અસલાલી સર્કલ પાસે) તા.૨૨/૦૧/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે હાઈ-વે લાંભા ટર્નીંગ નજીકથી રિક્ષા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે આઈસર ગાડી નંબર જીજે ૦૧ એફટી ૪૦૬૮ ના ચાલકે આઈસર ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રિક્ષાને ટક્કર મારતા ભાવેશભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ભાવેશભાઈના ભાઈ કલ્પેશભાઈ અગ્રવાલે "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જી.માંગરોલા ચલાવે છે.

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૨) સુનિલ કિશનભાઈ ચુનારા (ઉ.વ.૨૫) (રહે.ચુનારા વાસ મોટી દરગાહ્ની પાછળ જોગણીમાતાના મંદિર પાસે વટવા) તા.૨૨/૦૧/૨૦૨૧ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે અસલાલી સર્કલથી ગામડી તરફ જતા તલાવડી નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા સુનિલભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર સુનિલભાઈના ભાઈ જીતુભાઈ ચુનારાએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જી.માંગરોલા ચલાવે છે.

દાઝી જતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૫૯/૨૦૨૧**

માધવપુરાઃ માધવપુરા ઇદગાહ પ્રેમ દરવાજા બહાર જુગલદાસની ચાલી નંબર-૦૩ ખાતે રહેતા રવિકુમાર રાજેશભાઇ રાવત (ઉ.વ.૨૮) નાઓની પાંચ વર્ષની પુત્રી પ્રેક્ષા તા.૨૦/૦૧/૨૦૨૧ રાતનાં ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પલંગ પર સુતી હતી ત્યારે પલંગ પરથી ગબડી જતાં પલંગ નજીક મુકેલ ગરમ પાણી ભરેલ ડોલમાં પડી જતાં શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર માટે તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જયાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૧/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૧૬૦/૨૦૨૧**

કૃષ્ણનગરઃ રણવીરસિહ રાધેશ્યામસિહ ચૌહાણ (રહે.વિભાગ-૧ પાર્શ્વનાથ ટાઉનશીપ નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૧/૨૦૨૧ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશભાઈ મણીલાલ ચલાવે છે.

ઘાટલોડીયાઃ શિબુ સ/ઓ મણિયન ઇરાવા (ઉ.વ.૪૧)(રહે.પહેલી પતરાવાળી ઓરડી, ઇન્ડીયન ઓઇલ પેટ્રોલ પંપ સામે મેમનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૧/૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઇન્ડીયન ઓઇલ પેટ્રોલ પંપ ખાતે આવેલ પોતાની પંચર બનાવવાની દુકાને પોતાની જાતે પોતાના શરીર ઉપર પેટ્રોલ છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૧/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ડાંગર ચલાવે છે.

રામોલઃ અપ્સરા ડો/ઓ દિનેશકુમાર ક્ષત્રિય (ઉ.વ.૨૩)(રહે.સંતદેવ ટેનામેન્ટ જામફળવાડી પાસે કેનાલની બાજુમાં રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૧/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.લોઢા ચલાવે છે.

દાણીલીમડાઃ સરફરાજ મોહમદહુસેન ચાંદનીવાલા (ઉ.વ.૩૫)(રહે.અલસબા સોસાયટી પીંકો ટેક્ષ્ટાઇલ પાછળ રામ રહિમનો ટેકરો બહેરામપુરા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૧/૨૦૨૧ કલાક ૬/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એમ.રાઠવા ચલાવે છે.

નારોલઃ સેજલબહેન વા/ઓ દીપકભાઇ (ઉ.વ.૨૧)(રહે.શીવાલીક રેસીડન્સી પાછળ રાધેનગરના કાચા છાપરાં ઇસનપુર નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૧/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “કે” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી